રાજ્યમાં પુનઃ વરસાદની પધરામણી થશે

વરસાદની રાહ જોતાં ખેડૂતોની આતુરતાનો આવ્યો હવે અંત : બંગાળની ખાડીમાં સિસ્ટમ સર્જાતા ફરી વરસાદ પડશે

અમદાવાદ, તા.૧૯

છેલ્લા કેટલાક સમયથી અમદાવાદ સહિત રાજ્યના મોટાભાગના વિસ્તારમાં ઓગસ્ટ મહિનામાં વરસાદે સાવ વિરામ લઈ લીધો હોય તેવી સ્થિતિ બની ચૂકી હતી. પરંતુ શનિવારથી એટલે કે આજથી રાજ્યના વાતાવરણમાં પલટો આવશે અને જુદા જુદા વિસ્તારોમાં વરસાદી માહોલ સર્જાય તેવા હવામાન ખાતા દ્વારા સંકેતો આપવામાં આવ્યાં છે. આગામી ૭ દિવસ રાજ્યમાં વરસાદી માહોલ રહેશે. આવતીકાલે સમગ્ર ગુજરાતમાં વરસાદની આગાહી કરવામાં આવી છે. લો પ્રેશર સિસ્ટમ અને વેસ્ટર્ન ડિસટર્બન્સ સર્જાતા વરસાદની આગાહી કરવામાં આવી છે. અમદાવાદ, ખેડા,અરવલ્લી, પંચમહાલ, આણંદ અને મહીસાગરમાં આગાહી કરવામાં આવી છે. સૌરાષ્ટ્રનાં અમરેલી, ભાવનગર, ગીરસોમનાથ, દિવમાં પણ વરસાદની આગાહી કરાઈ છે. દક્ષિણ ગુજરાતના સુરત, વલસાડ, નવસારી, તાપી, ડાંગ, ભરૂચમાં આગાહી કરાઈ છે. આવતીકાલે (રવિવાર) રાજ્યમાં વરસાદનું જોર વધશે.

આવતીકાલે ઉત્તર ગુજરાત અને દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદની આગાહી કરાઈ છે. સાબરકાંઠા, બનાસકાંઠા, અરવલ્લી, પાટણ, મહેસાણા, અમદાવાદમાં ભારે વરસાદની આગાહી કરાઈ છે. સુરત, વલસાડ, નવસારી, તાપી, ડાંગ, છોટા ઉદપુર, ભરૂચમાં ભારે વરસાદની આગાહી કરાઈ છે. સૌરાષ્ટ્ર સુરેન્દ્રનગર, રાજકોટ, જામનગર, ભાવનગર, મોરબી, બોટાદમાં ભારે વરસાદની આગાહી છે.

ઘણા સમયથી કોઈ વરસાદી સિસ્ટમ સક્રિય ન હોવાથી રાજ્યમાં ક્યાંય પણ નોંધપાત્ર વરસાદ નથી નોંધાયો પરતું હવે બંગાળની ખાડીમાં સિસ્ટમ સર્જાતા ફરી ગુજરાતને મેઘરાજા ઘમરોળે તેવી શક્યતાઓ જોવા મળી રહી છે. આ સિવાય હવામાન વિભાગની આગાહી અનુસાર આજે રાજ્યના કેટલાક વિસ્તારોમાં મધ્યમ વરસાદની શક્યતાઓ જોવા મળી રહી છે.

અમદાવાદ, ગાંધીનગર, અરવલ્લી, ખેડા, આણંદ, પંચમહાલ, દાહોદ, મહીસાગર, સુરેન્દ્રનગર, ભાવનગર, બોટાદમાં હળવાથી મધ્ય વરસાદનું અનુમાન છે. આ સિવાય આજે રાજ્યમાં ગાજવીજ સાથે હળવાથી મધ્યમ પ્રકારનો વરસાદ પડશે. આ સાથે રાજ્યમાં પ્રતિ કલાકે ૩૦થી ૪૦ કિ.મી.ની ઝડપે પવન ફૂંકાવાની પણ આગાહી કરવામાં આવી છે.

રવિવારે વલસાડ, નવસારી, ડાંગ, નર્મદામાં ભારે વરસાદની શક્યતા હવામાન વિભાગે જણાવી છે. તો આ સાથે જ અમદાવાદ, ગાંધીનગર, દાહોદ, પંચમહાલ, ગીર સોમનાથ, પોરબંદર, જૂનાગઢ, રાજકોટમાં પણ વરસાદની આગાહી કરવામાં આવી છે.

સોમનાથ મહાદેવને અર્ક પુષ્પ શ્રૃંગાર



શિવ ભક્તોનો મહા ઉત્સવ એટલે કે પવિત્ર શ્રાવણ માસ પ્રારંભ થયો છે ત્યારે સોમનાથ મંદિરમાં મહાદેવને નિત્યક્રમ ઉપરાંત વિશેષ પૂજન અને શ્રૃંગાર કરવામાં આવે છે. મહાદેવને શ્રાવણ માસ દરમિયાન પ્રત્યેક દિવસે વિશેષ સાયમ શ્રૃંગાર કરવામાં આવે છે. શ્રાવણના તૃતીય દિવસે સોમનાથ મહાદેવને શિવજીને પ્રિય માનવામાં આવતા અર્ક એટલેકે આંકડાના પુષ્પોનો શ્રૃંગાર કરવામાં આવ્યો હતો. જ્યોતિર્લિંગ પર શિવજીની રજત મુખાકૃતિ બિરાજમાન કરવામાં આવી હતી. જેથી ભકતોને અર્ક પુષ્પોથી સુશોભિત શિવજીના સૌમ્ય સ્વરૂપના મનમોહક દર્શનનો લાભ મળ્યો હતો.

વડોદરામાં ૧૪૨ અધિકારી અને કર્મચારીઓની એકસાથે બદલી

વડોદરા, તા.૧૯

વડોદરા જિલ્લા વહીવટી તંત્રમાં ૧૪૨ અધિકારીઓ અને કર્મચારીઓની એક સાથે બદલી કરવામાં આવી છે. છેલ્લા ત્રણ વર્ષ કે તેથી વધુ સમયથી એકજ જગ્યાએ ફરજ બજાવી રહેલા અધિકારી કર્મચારીઓ ની બદલી કરવામાં આવી છે. કલેક્ટર અતુલ ગોર દ્વારા આ નિર્ણય લેવામાં આવ્યો છે. બઢતી પામેલા ૮૪ સહિત ૧૪૨ નાયબ મામલતદાર ક્લાર્ક અને તલાટીઓને પણ બદલી નાંખવામાં આવ્યા છે. વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનના આરોગ્ય વિભાગમાં અર્બન હેલ્થ પ્રાઇમરી સેન્ટર અને અર્બન કોમ્યુનિટી હેલ્થ સેન્ટર માટે સરકારના ભરતીના નિયમો મુજબ ૩૬ મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર અને ૩૫ ફીમેલ હેલ્થ વર્કરની સો ટકા ગ્રાન્ટ આધારિત ભરતી કરવામાં આવનાર છે. આ માટે આજથી કોર્પોરેશનની વેબસાઈટ પર તારીખ ૩૧ ઓગસ્ટ સુધી અરજી કરી શકાશે. આ ભરતી પ્રક્રિયા હાલમાં ખાલી રહેલી અને ભવિષ્યમાં ખાલી પડનાર કે ઉભી થનાર જગ્યા માટે કરવામાં આવનાર છે. આ ભરતી પ્રક્રિયા બાબતે અરજીઓની સંખ્યાને ધ્યાનમાં લઇ જગ્યાને અનુરૂપ એલિમિનેશન ટેસ્ટ/સ્પર્ધાત્મક પરીક્ષા/ઇન્ટરવ્યૂ અંગે કોર્પોરેશન નિર્ણય કરશે. એટલે કે આ તમામ જગ્યા બદલી પાત્ર છે. આ ભરતીમાં ખાલી પડનાર કે ગ્રાન્ટ આધારિત નવી ઊભી થનાર જગ્યાની ભરતી પ્રક્રિયા ઉપલબ્ધ પસંદગી યાદી કે વેઇટિંગ લિસ્ટ પૈકી રોસ્ટરનો ક્રમ જાળવીને કરવામાં આવશે. ઉક્ત ૭૧ જગ્યામાંથી સામાન્ય અને મહિલા માટે ૫૦ બિન અનામત છે.

ગઠિયાએ ૩૫ વકીલોના ફિંગરપ્રિન્ટ ચોરી બેન્કમાંથી નાણા ઉપાડ્યા

એનઆરઆઈ સહિત રૂ.૨૦ કરોડનું કરી નાખ્યું! : રાજકોટ શહેરના બેન્ક એકાઉન્ટમાંથી ૧૦-૧૦ હજાર રૂપિયા ઉઠાવી લીધા

રાજકોટ, તા.૧૯

શહેરમાં સાયબર ફ્રોડ અને હેકિંગનો ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. જેમાં ગઠિયાએ રેવન્યુની પ્રેક્ટિસ કરતા ૩૫ વકીલના બેન્ક એકાઉન્ટમાંથી ૧૦-૧૦ હજાર રૂપિયા ઉપાડી લીધા હતા. પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આ ગઠિયાને પકડવામાં પોલીસે ગણતરીના કલાકો લગાવ્યા હતા. તેવામાં ૨૦ કરોડ રૂપિયા આના ખાતામાં હોવાનું જાણવા મળતા અનેક સાયબર ફ્રોડના કિસ્સાઓનો પર્દાફાશ થઈ શકે છે. પહેલા તો બધાની લાગી રહ્યું હતું કે આ એક વેબસાઈટ હેક થવાની ઘટના છે. પરંતુ ત્યારપછી આધારકાર્ડની વિગતો પચાવી પાડી હોવાની આશંકાએ વકીલોને ગઠિયો હજારો રૂપિયાનો ચૂનો લગાવી ગયો હોવાનું અનુમાન લગાવાઈ રહ્યું છે.

વકીલો પોતાનું રોજિંદુ કામ કરી રહ્યા હતા તેવામાં અચાનક એક પછી એક એમ ૩૦થી ૩૫ વકીલોના મોબાઈલમાં મેસેજ આવ્યો કે તમારા ખાતામાંથી ૯,૯૯૦ રૂપિયા ઉપાડી દેવામાં આવ્યા છે. હવે પહેલા તો તેમને ક્રોસ વેરિફિકેશન કર્યું અને પ્રાથમિક તપાસ કરતા જાણવા મળ્યું કે કોઈક અજાણ્યા શખસ દ્વારા આ પ્રમાણેનું કૃત્ય કરવામાં આવ્યું છે. હવે આગળ શું કરવું તે આ બધા વિચારી રહ્યા હતા. કારણ કે તેમના એકાઉન્ટમાં વધારે રૂપિયા પણ હતા અને અચાનક જો બીજી કોઈ ઘટના ઘટે તો મોટો ફટકો પડી શકે તેમ હતું.ત્યારપછી તમામ વકીલોએ સાયબર પોલીસને આ અંગે વિગતો જણાવી દીધી હતી. જોકે આમાં પ્રાથમિક આશંકા એવી લગાવાઈ રહી છે કે ખરીદનાર-વેચનાર અને સાક્ષી તરીકે સબ રજિસ્ટ્રારમાં નોંધણી થાય છે. જેમાં સાક્ષીના થમ્બ ઈમ્પ્રેશન પણ આપવાના હોય છે. આ દરમિયાન વકીલોના ફિંગરપ્રિન્ટ ચોરાઈ ગયા હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. સાયબર પોલીસે તપાસ આદરી અને પછી જણાવ્યું કે આ ઘટનાક્રમ અંગે ગુજરાત સરકાર અને રિઝર્વ બેન્કને પણ જાણ કરી દેવામાં આવી છે.

ગઠિયાએ ૧૦ હજાર કરતા ઓછી રકમ જ ઉપાડી હતી. જેથી કરીને અહેવાલો પ્રમાણે જાણવા મળ્યું કે તેને કોઈપણ પ્રકારનો આવ્યો જ નહીં હોય. હવે એક શંકાસ્પદ વ્યક્તિની તપાસ કરતા જાણવા મળ્યું છે કે ભેજાબાજના ખાતામાં ૨૦ કરોડ રૂપિયાનું ટ્રાન્ઝેક્શન થયું છે. એટલે માત્ર વકીલો જ નહીં પણ પોલીસને શંકા છે કે આ ગઠિયાએ દેશ-વિદેશના લોકો તથા દ્રઈંને પણ શિકાર બનાવ્યા હોઈ શકે છે. જોકે હજુ સત્તાવાર માહિતી બહાર નથી આવી પરંતુ આના કનેક્શન ઘણી જગ્યાએ નીકળે એવું અનુમાન લગાવાઈ રહ્યું છે.

૪૨ વર્ષીય વ્યક્તિનું હાર્ટ એટેકથી મોત નિપજ્યું

ટેલરિંગનું કામ કરતા જયેશભાઈ પટેલને બાથરૂમમાં અચાનક છાતીમાં દુખાવો ઉપડ્યો હતો

સુરત, તા.૧૯

શહેરના અઠવા વિસ્તારમાં ૪૨ વર્ષીય વ્યક્તિનું હાર્ટ એટેકથી મોત નિપજ્યું છે. ટેલરિંગનું કામ કરતા જયેશભાઈ પટેલે આજે સવારે બાથરૂમમાં નાહવા જતા અચાનક છાતીમાં દુખાવો ઉપડ્યો હતો. પરિવારજનો તેમને સારવાર અર્થે નવી સિવિલ લઈ ગયા હતા. જ્યાં ફરજ પર હાજર ડોક્ટરે તેમને મૃત જાહેર કર્યા હતા. તેમના નિધનથી પરિવાર શોકમાં ગરકાવ થઈ ગયો છે. સુરત શહેરમાં હાર્ટ એટેકનું પ્રમાણ વધી રહ્યો છે. ખાસ કરીને નાની ઉંમરમાં જ હાર્ટ એટેક આવતા જ લોકોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. બાઈક ચલાવતા હોય કે ચાલતા ચાલતા, ઊંઘમાંથી ઊઠવાની સાથે જ હાર્ટ એટેક આવવાથી મોતના કિસ્સાઓ સતત સામે આવી રહ્યા છે. ત્યારે વધુ એક કિસ્સો સુરતના અઠવા વિસ્તારમાં બન્યો છે. ઓલપાડી મોહલામાં રહેતા ૪૨ વર્ષ જયેશભાઈ ચીમનભાઈ પટેલ ટેલરિંગ નું કામ કરતા હતા. આજરોજ સવાર બાથરૂમમાં નાહવા ગયા હતા. દરમિયાન અચાનક તેમને હાર્ટ એટેક આવતા પરિવારના લોકો દોડી આવ્યા હતા. તેમને તાત્કાલિક સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલ ખાતે લઈ આવતા ફરજ પરના હાજર તબીબોએ મૃતક જાહેર કર્યો હતો.

મહત્વની વાત એ છે કે રાજ્યમાં છેલ્લા કેટલાક દિવસથી હાર્ટ એટેકના પ્રમાણમાં સતત વધારો નોંધાયો છે. અને જેમાં ખાસ કરીને ૧૫ થી ૪૦ વર્ષની ઉંમરના લોકો હાર્ટ એટેકના વધુ શિકાર બની રહ્યા છે. જ્યારે અચાનક હાર્ટ એટેક આવવાથી મોતના નીપજતા લોકોમાં ભયનું વાતાવરણ જોવા મળી રહ્યું છે. કોરોના પછી હાર્ટએટેકના કિસ્સા સતત વધી રહ્યાં છે. આ હાર્ટએટેકના કિસ્સા જીવલેણ બની રહ્યાં છે. ચિંતાની બાબત એ છે કે, હવે યુવા વયના લોકોને હાર્ટએટેક આવી રહ્યો છે.

આણંદની કલેક્ટર ઓફિસમાં યુવતીને મોકલનાર મેડમ ફસાયા

આણંદમાં કલેક્ટર લેવલના અધિકારીનો મહિલા સાથે છાનગપતિયાં કરવાનો વીડિયો હવે ગળાનો ગાળિયો બન્યો

આણંદ, તા.૧૯

કલેક્ટર ઓફિસમાં છાનગપતિયાંમાં થોડા દિવસ પહેલા તાત્કાલીક અસરથી સસ્પેન્ડેડ થઈ જનારા ડીએસ ગઢવીના કેસમાં હવે મોડી અપડેટ સામે આવી છે. ગુજરાત એટીએસે સસ્પેન્ડેડ કલેક્ટર આનંદ ગઢવીને ફસાવવાના મામલામાં મહિલા એડીએમ કેતકી વ્યાસ (જીએએસ), એક નાયબ મામલતદાર અને એક હરેશ ચાવડા સામે એફઆઈઆર નોંધવામાં આવી છે. કેબિનમાં સ્પાય કેમેરા લગાવીને કલેક્ટરને ઘરભેગા કરવાના આ કેસમાં હવે મોટા ખુલાસા થાય તો નવાઈ નહીં. કલેક્ટરની ગેરહાજરીમાં સ્પાય કેમેરા લગાવવાના આ કેસમાં હવે એટીએસ આગળની કાર્યવાહી કરી રહી છે. કલેક્ટર કક્ષાના અધિકારીને સસ્પેન્ડ કરતા વહીવટી તંત્રમાં ભારે ખળભળાટ મચ્યો હતો અને ક્લીપ વિવાદમાં વધુ તપાસ હાથ ધરી હતી. જાણકારી મુજબ કલેક્ટરની કેબિનમાં સ્પાય કેમેરા લગાવાયા હતા. મહિલા છઢ્ઢસ કેતકી વ્યાસ સહિત ૩ની પૂછપરછ કરવામાં આવી રહી છે. ત્રણેયની આકરી પૂછપરછમાં મોટા ખુલાસા થયા છે. મહિલા જીઢ્ઢસ્એ ષડયંત્ર રચ્યાનો ખુલાસો કર્યો છે. કલેક્ટરની કેબિનમાં સ્પાય કેમેરા લગાવવાના ષડયંત્રનો પર્દાફાશ થયો છે. કલેક્ટરની ગેરહાજરીમાં કેમેરા લગાવાયા હતા. મહિલા છઢ્ઢસ્એ કલેક્ટરને ફસાવવાનું કાવતરું ઘડ્યું હતું. આણંદમાં કલેક્ટર લેવલના અધિકારીનો એક મહિલા સાથે છાનગપતિયાં કરવાનો વીડિયો હવે ગળાનો ગાળિયો બની ગયો હતો. કલેક્ટર ગઢવી આ વીડિયોમાં મહિલા કર્મી સાથે વાંધાજનક અવસ્થામાં જોવા મળ્યા હતા. જાન્યુઆરીમાં ઉતારાયેલો આ વીડિયો સરકાર સુધી પહોંચ્યા બાદ આ કેસમાં તપાસ કમિટીની રચના કરી હતી. હવે એક મહિલા સાથે રંગરેલિયાંમાં આઈએએસ ગઢવીને કલેક્ટરની નોકરીમાંથી હાથ ધોવા પડ્યા હતા. કલેક્ટર ગઢવી સહ કર્મચારી સાથે રંગરેલિયા મનાવતા હતા તેવો વીડિયો ૧૦ જાન્યુઆરીએ શૂટ થયો હતો. ૩.૩૦ મીનિટના આ વીડિયોમાં કલેક્ટર એક ગ્રીન પંજાબી ડ્રેસમાં સઙ્ક મહિલા આવે છે. મહિલાને જોતાં જ કલેક્ટર ગઢવી તેમની સાથે છાનગપતિયા કરે છે. આ વીડિયો હવે વાયરલ થયો છે. આ વાંધાજનક વીડિયોને લઈને હવે રાજ્ય સરકાર એક્શન મોડમાં આવી ગઈ છે. સરકારે સીધો સ્પષ્ટ સંદેશો આપ્યો છે કે કોઈ પણ પ્રકારે સરકાર બદનામ થાય એવી કોઈ પણ હરકત ચલાવી લેવામાં નહીં આવે.

ઉભી કરશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આવ્યુ છે. ગાંધીનગર શહેરમાં સ્માર્ટ સીટી અન્વયે ૨૪ કલાક પાણીનો સપ્લાય આપવા માટે કામગીરી ચાલી રહી છે. જયારે નવી ગટર લાઈન પણ નાંખવામાં આવી રહી છે. ત્યારે શહેરના ગામોમાં પણ પુરતા સમય સુધી પાણી પુરવઠો ઉપલબ્ધ થાય તે દિશામાં આયોજન હાથ ધરવામાં આવ્યુ છે. ઈન્દ્રોડા ગામમાં આ અન્વયે નમુનારૂપ વ્યવસ્થા ગોઠવવા માટે યોજના તૈયાર કરવામાં આવી રહી છે. ઈન્દ્રોડા ગામની ટોપોગ્રાફી પણ અટપટી છે. ચઢાવ ઉતારની સ્થિતિ વચ્ચે સ્થિત આ વિસ્તારમાં ભૌગોલિક પરિસ્થિતિ કાંઈક અલગ છે. ત્યારે પાણીની લાઈન નવી નાંખવાની યોજનાનુ કામ પણ થોડુ મુશ્કેલ છે. ઈન્દ્રોડા ગામમાં ફરતે પાણીની મુખ્ય લાઈન નાંખવામાં આવશે જયારે ગામના વિવિધ વિસ્તારમાં પણ લાઈનનુ કામ હાથ ધરવામાં આવશે. ઈન્દ્રોડામાં હાલ સ્થાનિકોએ પાણીની મોટર મુકવાની પણ ફરજ પડે છે. આવા સંજોગોમાં ઘણીવાર ઉનાળાની આકરી ગરમીના દિવસોમાં પણ ગ્રામજનોમાં પાણીની પોકાર ઉઠવા પામે છે. ત્યારે ગામના અંદાજિત ૧૦ કી મી વિસ્તારમાં નવી લાઈન નાંખી મુખ્ય લાઈનમાંથી જ સપ્લાય મળી રહે તે મુજબ માસ્ટર પ્લાન તૈયાર કરવામાં આવી રહ્યો છે. આ યોજના પાછળ અંદાજિત રૂ ૫ કરોડનો ખર્ચ થાય તેમ છે. જયારે હાલ યોજનાની રૂપરેખા તૈયાર કરવા માટે પણ જવાબદારી સોંપવામાં આવી છે. ટુંકમાં જ આખરી મંજુરીના અંતે કામ શરૂ કરવાની દીશામાં પણ આયોજન કરવામાં આવશે. જેના અંતે વર્ષો બાદ આ વિસ્તારમાં પાણીની સમસ્યાનો કાયમી અંત આવશે.

મોડેલ રોડ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

છે. સંસદ અને સ્વર્ણિમ સંકુલની ડિઝાઈન પણ આ કંપનીએ જ તૈયાર કરી હતી.રાયસણમાં પી ડી પી યુ માર્ગ, રક્ષાશકિત સર્કલથી ખ-૦ સુધી તેમજ કુડસણમાં રીલાયન્સ ચોકડીનો માર્ગ આ પેટર્ન પર વિકસાવાશે. જયારે આ અન્વયે જરૂરિયાત મુજબની જગ્યા પણ ઉપલબ્ધ રહે તે મુજબની ડિઝાઈન તૈયાર કરવામાં આવશે. જયારે મોડેલ રોડની કાર્યયોજના સંદર્ભે આ કંપનીએ મેયર હિતેશ મકવાણા તેમજ મ્યુનિ કમિશ્નર જે એન વાઘેલા સહીતના અધિકારીઓ સમક્ષ પ્રેઝન્ટેશન રજુ કર્યુ હતુ. જયારે મોડેલ રોડની યોજના અન્વયે પાર્કીંગ, સાયકલ ટ્રેક, વોક વે સહીતની જરૂરી તમામ સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવશે. આ તબક્કે સ્ટેન્ડીંગ કમિટીના ચરેમેન જશવંત પટેલે પણ બેઠકમાં સુચન કર્યુ હતુ કે ગાંધીનગર ઉત્તર વિધાનસભામાં પણ એક મોડેલ રોડ વિકસાવાની યોજના હાથ ધરવી જોઈએ. જયારે દાયકાઓના અંતે હવે શહેરમાં રીક્ષા ટેકસીના સ્ટેન્ડની પણ જગ્યા નિયત થાય તે માટે પણ જરૂરી સુચનો કરવામાં આવ્યા હતા. પાણી ગટર અને વરસાદી પાણીના નિકાલની લાઈનો સંદર્ભે પણ યોગ્ય પ્લાનીંગ કરવા માટે સુચન કરવામાં આવ્યુ હતુ.

લોકઉપયોગી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

શહેરની વધતી જતી વસ્તી અને સેક્ટર-૨૧, શાક માર્કેટ ખાતે નાગરિકોની સુવિધાને ધ્યાને રાખીને આ નવનિર્મિત શૌચાલય સંકુલમાં પુરૂષ, મહિલા, દિવ્યાંગ, બાળકો વગેરે અલગ-અલગ સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી છે આ સાર્વજનિક શૌચાલય સંકુલ શહેરનાં નાગરિકો માટે સ્વચ્છ અને સ્વસ્થ વાતાવરણનું પ્રતિક બની રહેશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી હતી.

લાંબા સમયના અંતે સ્થાનિક વેપારીઓ અને મુલાકાતીઓને સ્વચ્છ અને સુવિધાયુક્ત શૌચાલયની વ્યવસ્થા ઉપલબ્ધ થશે જ્યારે વેપારીઓ અને મુલાકાતીઓને સૌચ ક્રિયા માટે દૂર જવું નહી પડે.

ઝોન કક્ષાએ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં લોકો સહભાગી બન્યા હતા. ગાંધીનગર મહાનગર પાલિકાના મેયર હિતેશભાઈ મકવાણા, ડે. મેયર પ્રેમલસિંહ ગોલ, સ્ટે. કમિટી ચેરમેન જશવંતભાઈ પટેલ, ગાંધીનગર મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશનર જે. એન. વાઘેલા, ડે. મ્યુ. કમિશનર કેયુર જેઠવા તેમજ નગર સેવકો ઉપસ્થિત રહ્યા હતા. ઝોન કક્ષાના કાર્યક્રમમાં મોટી સંખ્યામાં નગરજનો, વિદ્યાર્થીઓ અને પોલિસના જવાનો જોડાયા હતા.

અર્થવ્યવસ્થા

● અનુસંધાન પહેલાનું ચાલુ

ભારત પરનો રેટિંગ એજન્સી મૂડીસનો આ વિશ્વાસ પુષ્ટિ કરે છે કે દેશની અર્થવ્યવસ્થા સાચા ટ્રેક પર છે. મૂડીસએ કહ્યું છે કે ઉચ્ચ GDP વૃદ્ધિને કારણે આવકનું સ્તર પણ વધી રહ્યું છે અને આર્થિક સ્થિરતા જોવા મળી રહી છે.

એજન્સીએ આશા વ્યક્ત કરી છે કે ઓછામાં ઓછા ૨ વર્ષ સુધી ભારત તમામ જી-૨૦ દેશો કરતાં વધુ વૃદ્ધિ દર હાંસલ કરશે. તેનું મુખ્ય કારણ સ્થાનિક માંગમાં વધારો છે. આંતરરાષ્ટ્રીય ધોરણો અનુસાર આ ઝડપી વૃદ્ધિ દરને કારણે ઓછી આવકમાં વધારો થશે, જે આર્થિક મજબૂતી તરફ દોરી જશે. મૂડીસ અનુસાર હવે ભારતનો વિકાસ દર ૬ ટકાથી ૬.૫ ટકા રહી શકે છે.

સરળ બનશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

ડેટાને રજિસ્ટર કરે છે અને લોન સંબંધિત સાચી માહિતી પ્રદાન કરે છે. ધિરાણકર્તાઓને ક્રેડિટ અથવા લોન મંજૂર કરતા પહેલા ઘણી વખત માહિતીના કેટલાક સેટની જરૂર પડે છે. હાલમાં લોનની મંજૂરી માટે જરૂરી ડેટા કેન્દ્ર અને રાજ્ય સરકારો, એકાઉન્ટ એગ્રીગેટર્સ, બેંકો અને ક્રેડિટ માહિતી બ્યુરો જેવી વિવિધ સંસ્થાઓ પાસેથી આ પ્લેટફોર્મ પર ઉપલબ્ધ છે. આવી સ્થિતિમાં જો કોઈ લોન લેવા માંગે છે, તો તેને પ્રક્રિયામાં વધુ સમય લાગશે નહીં. આ સાર્વજનિક પ્લેટફોર્મને કારણે જરૂરી ડિજિટલ માહિતી સરળતાથી મેળવી શકાય છે.

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ જણાવ્યું છે કે પ્લેટફોર્મને માહિતી આપનારા સુધી પહોંચ અને ઉપયોગના મામલા બંનેની દ્રષ્ટિએ એક કેલિબ્રેટેડ ફેશનમાં એક પાઈલટ પ્રોજેક્ટ શરુ કરવાનો છે. આરબીઆઈનું કહેવું છે કે આનાથી ધિરાણની કિંમતમાં ઘટાડો થશે અને લોન શક્ય તેટલી વહેલી તકે ઉપલબ્ધ થશે.

પાયલોટ પ્રોગ્રામ દરમિયાન પ્લેટફોર્મ લોન લેનાર દીઠ ૧.૬ લાખ રૂપિયા સુધીની કિસાન ક્રેડિટ કાર્ડ લોન, ડેરી લોન, એમએસએમઈ લોન, વ્યક્તિગત લોન અને સહભાગી બેંકો દ્વારા હોમ લોન જેવા ઉત્પાદનો પર ધ્યાન કેન્દ્રિત કરશે.

પરીક્ષણ કર્યું

● અનુસંધાન પહેલાનું ચાલુ

આઈએલ-૭૬ એરક્રાફ્ટ માટે હેવી ડ્રોપ સિસ્ટમ (પી-૭એચડીએસ) એક પ્લેટફોર્મ અને વિશિષ્ટ પેરાશૂટ સિસ્ટમ ધરાવે છે. પેરાશૂટ સિસ્ટમ એ મલ્ટી-સ્ટેજ પેરાશૂટ સિસ્ટમ છે, જેમાં પાંચ મુખ્ય કેનોપીઝ, પાંચ બ્રેક શૂટ, બે સહાયક શૂટ, એક એક્સ્ટ્રાક્ટર પેરાશૂટનો સમાવેશ થાય છે. તેનું પ્લેટફોર્મ એલ્યુમિનિયમ અને સ્ટીલના મિશ્રણથી બનેલું મેટલ સ્ટ્રક્ચર છે. આ સિસ્ટમ સમ્પૂર્ણ સ્વદેશી સંસાધનો સાથે સફળતાપૂર્વક વિકસાવવામાં આવી છે. પી-૭ એચડીએસને આર્મીમાં સામેલ કરવામાં આવી છે. પી-૭ હેવી ડ્રોપ સિસ્ટમ એલએન્ડટી કંપની દ્વારા બનાવવામાં આવી રહી છે જ્યારે પેરાશૂટ ઓર્ડનન્સ ફેક્ટરી દ્વારા બનાવવામાં આવી રહી છે.

આ પેરાશૂટને તેલ અને પાણીની અસર થતી નથી અને તેનો લાંબા સમય સુધી ઉપયોગ કરી શકાય છે. ડીઆરડીઓ લાંબા સમયથી આ સિસ્ટમ બનાવવાની તૈયારી કરી રહ્યું હતું. છેલ્લા પાંચ વર્ષથી હેવી ડ્રોપ સિસ્ટમનું પરીક્ષણ ચાલી રહ્યું છે.

બેઠક યોજાઈ

● અનુસંધાન પહેલાનું ચાલુ

આઈએફએસસીએની શરૂઆતથી અત્યાર સુધીમાં ભારતની પ્રથમ આઈએફએસસીની સફરમાં મહત્ત્વપૂર્ણ સીમાચિહ્નો અને સિદ્ધિઓ પર તેમજ સરકાર દ્વારા આપવામાં આવેલા વિવિધ નીતિગત સાથસહકાર અને પ્રોત્સાહનો પર જાણકારી મેળવી છે.

સમીક્ષા બેઠક દરમિયાન કેન્દ્રીય નાણાં મંત્રીએ તમામ હિતધારકોને માન્યતા આપવાની અને તેમને ટેકો આપવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. જેથી ઓળખાયેલ માર્ગો ગિફ્ટ સિટીને પ્રીમિયર ફાઈનાન્સિયલ હબ તરીકે ઉન્નત કરવા માટે તે વૈશ્વિક સ્તરે તેના સમકાલીન લોકોમાં શ્રેષ્ઠ બની રહે.

શ્રીમતી સીતારામને વધુમાં જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીની કલ્પના મુજબ ગિફ્ટ સિટીને માત્ર જીવંત આંતરરાષ્ટ્રીય કેન્દ્ર તરીકે જ નહીં, પણ જટિલ નાણાકીય પડકારો, ખાસ કરીને વર્તમાન વૈશ્વિક આર્થિક માથાકૂટના વાતાવરણમાં, સમાધાનો તૈયાર કરવામાં વૈશ્વિક નેતા તરીકે પણ ઉભરી આવવું જોઈએ.

કેન્દ્રીય નાણાં મંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, ગિફ્ટ આઈએફએસસીને ઝડપથી આગળ વધી રહેલા આંતરરાષ્ટ્રીય નાણાકીય કેન્દ્ર તરીકે માન્યતા આપવામાં આવી છે, એટલે વધુને વધુ વ્યવસાયોને આકર્ષવા અને મોટા પાયે રોકાણ ઊભું કરવા પ્રાથમિકતા નિર્ધારિત કરવી જોઈએ.

શ્રીમતી સીતારામને આઈએફએસસીએ અને આઈઆરડીએઆઈ બંનેને વીમા અને પુનઃવીમા માટે ગિફ્ટને અગ્રણી વૈશ્વિક કેન્દ્ર તરીકે સ્થાપિત કરવા અગ્રણી વૈશ્વિક વીમા કંપનીઓ સાથે સક્રિયપણે જોડાવા પ્રોત્સાહન આપ્યું હતું.

કેન્દ્રીય નાણાં મંત્રીએ ભારતીય આંતરરાષ્ટ્રીય બુલિયન એક્સચેન્જ આઈએફએસસી (આઈઆઈબીએક્સ)ની મહત્તમ સંભવિતતાનો ઉપયોગ કરવા પર પણ ભાર મૂક્યો હતો, જેથી ડિસઈન્ટિમેશન અને અસરકારક કિંમતની શોધ સુનિશ્ચિત કરી શકાય અને આરબીઆઈને આઈઆઈબીએક્સ મારફતે યુએઈ સીઈપીએ હેઠળ ટીઆરક્યુ સોનાની આયાત કરવામાં આવે, જે ભારતીય બેંકો માટે આઈઆઈબીએક્સ પ્લેટફોર્મનો અસરકારક રીતે ઉપયોગ કરવાનો માર્ગ મોકળો કરી શકે છે.